# EDUCATION
# PAPER–III

Signature of Invigilators

1. ..............................

2. ..............................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..............................

..............................
(in words)

## DEC–08/13

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં કયાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલકયુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | 18. | | | |
| 2. | | 19. | | | |
| 3. | | 20. | | | |
| 4. | | 21. | | | |
| 5. | | 22. | | | |
| 6. | | 23. | | | |
| 7. | | 24. | | | |
| 8. | | 25. | | | |
| 9. | | 26. | | | |
| 10. | | | | | |
| 11. | | | | | |
| 12. | | | | | |
| 13. | | | | | |
| 14. | | | | | |
| 15. | | | | | |
| 16. | | | | | |
| 17. | | | | | |

Total Marks obtained ..............................

Signature of the co-ordinator ....................
(Evaluation)

SEAL

**EDUCATION** | **શિક્ષણ**

**PAPER - III** | **પેપર - III**

Note : This paper contains four sections. You are required to attempt all of them.

નોંધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે. બધા જ પ્રશ્નો કરવાના છે.

## Section I
## (વિભાગ I)

Note : Read the following paragraph and answer the Questions (1-5) given below in 30 words each. Attempt **ALL** the questions. **(Marks : 5×5=25)**

નોંધ : નીચેનો પેરાગ્રાફ વાંચી આપેલ દરેક પ્રશ્નો (૧ થી ૫) ના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો. (માર્કસ : ૫×૫=૨૫)

Two things that stand out in respect of educational planning need to be specified here. One is the direction and thrust of Indian Planning and the kind of economic system which has been established in India. The second is the impact it has had on priorities and policies pertaining to education. In terms of social and economic policies, the main thrust of development has been more or less, the continuence of what had been happening right from the nineteenth century onwards. Instead of colonialism, we now have neo-colonialism.

Enclaves of urban progress (with all the injustice it signifies) have been growing while the countryside has been left more or less as it was. This is not to suggest that no changes have taken place in the countryside : the agrarian situation has undergone many notable changes. However the net outcome has been the emergence and consolidation of middle peasantry, and little more, in certain parts of the country. Even today 40 percent of the Indian population is unable to get two square meals a day. Notwithstanding this, there has been remarkable spurt in educational sector.

One can safely surmise that around half of those who are enrolled in colleges are interested only in carrying on with 'studies' because they

have nothing better to do. In plain words, colleges are teeming with students because the country has failed to generate enough jobs for those passing out of schools. Seeking admission in colleges is thus a way of disguising unemployment. Availability of this relatively respectable outlet is regarded as preferable to open unemployment.

શૈક્ષણિક આયોજનને લગતી બે જુદી તરી આવતી બાબતોને સ્પષ્ટ કરવી અત્રે જરૂરી છે. પહેલી બાબત ભારતીય આયોજનની દિશા તથા પ્રાધાન્ય અંગેની તથા ભારતમાં સ્થાપિત અર્થતંત્રને લગતી છે. બીજી બાબત છે ભારતીય શિક્ષણપ્રથાના ક્ષેત્રે નીતિ તથા અગ્રિમતાના નિર્ધારણ પર પડતી અસરો. સામાજિક તથા આર્થિક ક્ષેત્રોમાં તો વિકાસનું પ્રધાન લક્ષ્ય, વધતા ઓછા અંશે, ઓગણીસમી સદીથી ચાલી આવતી પ્રક્રિયાને જ આગળ વધારે છે. સંસ્થાનવાદનું સ્થાન હવે નવ્યસંસ્થાનવાદે લીધું છે.

શહેરી વિકાસના વાડાઓ (તેમાં અભિપ્રેત થતા સમસ્ત અન્યાય સમેત) વધતા રહ્યા છે, જ્યારે ગ્રામ્યપ્રદેશો લગભગ જ્યાં હતા ત્યાં જ રહ્યા છે. એનો અર્થ એવો નથી કે ગામડાંઓમાં કશું પરિવર્તન આવ્યું જ નથી : કૃષિલક્ષી પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તનો થયાં છે. તેમ છતાં, તેનું પરિણામ તો દેશના કેટલાક ભાગોમાં મધ્યમકક્ષાના ખેડૂત વર્ગનું સર્જન અને સંવર્ધન થયું એથી વિશેષ જવલ્લે જ કંઈ કહી શકાય. હજુ આજે પણ ભારતની વસતીના ૪૦ ટકા લોકો દિવસમાં બે વાર પેટ ભરીને ખાવાનું પામતા નથી. જો કે આમ હોવા છતાં શિક્ષણના ક્ષેત્રે નોંધપાત્ર વધારો થયો છે.

એવું અનુમાન સલામત રીતે કરી શકાય કે કોલેજોમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓમાંથી અડધા તો માત્ર એટલા માટે જ 'અભ્યાસ' ચાલુ રાખે છે કે એમની પાસે એથી સારી કોઈ પ્રવૃત્તિ નથી. સાદા શબ્દોમાં કહીએ તો કોલેજો વિદ્યાર્થીઓથી ઉભરાય છે તેનું કારણ એ છે કે શાળાઓમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓને પૂરી પડે એટલી કામની તકો પૂરી પાડવામાં દેશ નિષ્ફળ ગયો છે. આમ કોલેજમાં પ્રવેશ લેવો એ બેકારી પર ઢાંકપિછોડો કરવા જેવું છે. બેકારીનો ખુલ્લો સ્વીકાર કરવા કરતાં આવો પ્રમાણમાં માન સચવાઈ રહે તેવો માર્ગ ઉપલબ્ધ હોય તે વધુ પસંદગી યોગ્ય ગણાય છે.

1. What type of problems inherent to Indian higher education have been pointed out by the author ?
આ પરિચ્છેદમાં ભારતીય ઉચ્ચ શિક્ષણમાં અંતર્નિહિત કયા પ્રકારની સમસ્યાઓનો લેખકે નિર્દેશ કર્યો છે ?

2. What is meant by neo-colonialism in the context of existing higher education system ?
પ્રવર્તમાન ઉચ્ચ શિક્ષણના સંદર્ભે 'નવ્યસંસ્થાનવાદ' દ્વારા શું અભિપ્રેત થાય છે ?

3. **How has the present higher education been a factor of unemployment ?**

**વર્તમાન ઉચ્ચ શિક્ષણ કઈ રીતે બેકારીના અવયવ રૂપ બન્યું છે ?**

4. **What is the reason for Indian rural youth joining traditional courses in colleges ?**

**ભારતના ગ્રામ્યપ્રદેશોના યુવા વર્ગ કયા કારણે કોલેજોના પરંપરાગત અભ્યાસક્રમોમાં જોડાય છે ?**

5. **What changes need to be made in Indian planning for higher education ?**

**ભારતમાં ઉચ્ચ શિક્ષણના આયોજન ક્ષેત્રે કેવા પરિવર્તનની આવશ્યકતા છે ?**

## Section II
## (વિભાગ II)

*Note* : Answer the following questions in **30** words each. Attempt ALL questions. **(6-20)** **(Marks : 15×5=75)**

**નોંધ** : નીચેના દરેક પ્રશ્નોના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો. (૬-૨૦) (માર્કસ : ૫ × ૧૫ = ૭૫)

6. **Explain idealist theory of knowledge.**
   જ્ઞાનનો આદર્શવાદી સિદ્ધાંત સમજાવો.

7. **Differentiate between equity and equality.**
   સમતા અને સમાનતા વચ્ચેનો તફાવત જણાવો.

8. Define adjustment and mention adjustment mechanisms.
સમાયોજનની વ્યાખ્યા આપો અને માનસિક સમાયોજન તંત્રોનો ઉલ્લેખ કરો.

9. Differentiate growth from development.
વૃદ્ધિ અને વિકાસનો તફાવત આપો.

10. What is learning curve ? Mention stages in learning curve.
અધ્યયન વક્ર શું છે ? અધ્યયન વક્રના તબક્કાઓ દર્શાવો.

11. Why guidance and counselling is needed in our schools ? Give at least *four* reasons.
આપણી શાળાઓમાં સલાહ અને માર્ગદર્શનની શી જરૂરિયાત છે ? ઓછામાં ઓછા ચાર કારણો આપો.

12. **Explain how sample is related to population ?**
**નિદર્શ વિશ્વવ્યાપ સાથે કેવી રીતે સંકળાયેલ છે તે સમજાવો.**

13. **What is Ethnomethodology ? State *one* research area for ethnomethodological research.**
**માનવવંશિય પદ્ધતિ શું છે ? માનવવંશિય સંશોધન પદ્ધતિનું એક ક્ષેત્ર દર્શાવો.**

14. **What is Universalisation of Elementary Education ?**

**પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ શું છે ?**

15. **Differentiate curriculum from syllabus.**

**અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તફાવત લખો.**

16. **What are characteristic features of Basic Education ?**
**બુનિયાદી શિક્ષણની લાક્ષણિકતાઓ શું છે ?**

17. **What is social change ? Mention factors of social change.**
**સામાજિક પરિવર્તન શું છે ? સામાજિક પરિવર્તનના પરિબળો દર્શાવો.**

18. **What is validity ? Mention different kinds of validity.**
**યથાર્થતા શું છે ? વિવિધ પ્રકારની યથાર્થતા દર્શાવો.**

19. **Differentiate between formative and summative evaluation.**
**વિકાસાત્મક અને સમગ્ર મૂલ્યાંકન વચ્ચેનો તફાવત લખો.**

20. **What is equality of educational opportunities ?**
**સમાન શૈક્ષણિક તકો એટલે શું ?**

## Section III
## (વિભાગ III)

*Note* : Choose any **ONE** elective from Electives **I** to **V** and answer **All** the questions **(21-25)** of the same elective in **200** words each. **(Marks : 12×5=60)**

**નોંધ** : વિકલ્પ I થી V માંથી એક વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બધા જ પ્રશ્નો (૨૧ થી ૨૫) ના જવાબ દરેકનો ૨૦૦ શબ્દો સુધી આપો.(માર્કસ ૧૨×૫=૬૦)

### Elective I

21. Discuss the concept of leadership and examine its role in school administration.
નેતૃત્વની સંકલ્પનાની ચર્ચા કરો અને શાળાકીય સંચાલનમાં તેની ભૂમિકાનું પરીક્ષણ કરો.

22. What are the various functions of supervision in a secondary school ?
માધ્યમિક શાળામાં અધિક્ષણના વિવિધ કાર્યો શું છે ?

23. What is perspective planning ? Discuss the concept in the context of school administration.
પરીપ્રેક્ષ્ય આયોજન શું છે ? શાળાકીય સંચાલનના સંદર્ભમાં તેની સંકલ્પનાની ચર્ચા કરો.

24. Show how a school principal may be required to face the issues in decision making.
શાળાના આચાર્યને નિર્ણય પ્રક્રિયાની કઈ બાબતોનો સામનો કરવાનો આવે છે તે દર્શાવો.

25. Identify any *one* area of research in school administration and show how it can lead to improve administration.
શાળા સંચાલનને લગતું કોઈ એક સંશોધન ક્ષેત્ર જણાવો અને તેમાંથી સંચાલનમાં શું સુધારો થઈ શકે તે દર્શાવો.

### Elective II

21. List the steps in Standardisation of a test and highlight the need for ascertaining the difficulty values of test items.
કસોટીના પ્રમાણિકરણના સોપાનો લખો અને પ્રશ્નોનું કઠિનતા મૂલ્ય સ્થાપવાની આવશ્યકતા દર્શાવો.

22. What is a T-Score ? Give *two* different examples where the use of T-Scores would be essential.
ટી-પ્રાપ્તાંક શું છે ? જ્યાં ટી-પ્રાપ્તાંકની જરૂરિયાત હોય તેવા બે ઉદાહરણો આપો.

23. Name the various types of reliability and discuss any *one* of them in detail.
વિશ્વસનિયતતાના વિવિધ પ્રકારોના નામ લખો અને તેમાંથી કોઈ એક ની વિગતવાર ચર્ચા કરો.

24. State *three* measures one may adopt to make a test more reliable.
કસોટીની વિશ્વસનિયતતા વધારવા માટે જરૂરી એવા કોઈ પણ **ત્રણ** પગલાં દર્શાવો.

25. Discuss the need for objectivity in measurement giving appropriate examples.
યોગ્ય ઉદાહરણ દ્વારા માપનમાં વસ્તુલક્ષિતાની જરૂરીયાતની ચર્ચા કરો.

**Elective III**

21. Out of secondary level and higher level of education to which level you will advocate more use of reflective teaching ? Give reasons in support of your answer.
માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ એ બંનેમાંથી કઈ કક્ષાએ ચિંતનાત્મક શિક્ષણના વધુ ઉપયોગનું તમે સમર્થન કરશો ? તમારા ઉત્તરના સમર્થનમાં યોગ્ય કારણો આપો.

22. State different strategies at evaluation in Distance education. Are they different from those adopted in Face-to-Face education ? If so, in what way ?
દૂરવર્તી શિક્ષણમાં મૂલ્યાંકનની વિવિધ પ્રયુક્તિ દર્શાવો. શું તે મૂખોમૂખ શિક્ષણમાં ઉપયોગમાં લેવામાં આવતી પ્રયુક્તિઓથી અલગ છે ? જો હા, તો કેવી રીતે ?

23. State different models of communication. Which of these are observed in classroom communication ?
પ્રત્યાયનના વિવિધ પ્રતિમાનો દર્શાવો. વર્ગખંડ પ્રત્યાયનમાં આમાંથી કયા જોવા મળે છે ?

24. Give the meaning of 'programmed instruction'. Compare the 'Linear style with Branching Style' of programmed instruction, with respect to benefits to students.
'અભિક્રમિત શિક્ષણ' નો અર્થ લખો. વિદ્યાર્થીઓના લાભોની દૃષ્ટિએ રૈખિક અને પ્રશાખાકીય અભિક્રમિત શિક્ષણની તુલના કરો.

25. Differentiate between 'Reception and Selection' strategies with respect to Bruner's concept attainment model.
બ્રૂનરના સંપ્રાપ્તિ પ્રતિમાનના સંદર્ભે ગ્રહણ અને પસંદગીની પ્રયુક્તિઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**Elective IV**

21. Explain the concept of 'Special Education', stating its objectives and types.
'વિશેષ શિક્ષણ' ની સંકલ્પના તેના હેતુઓ અને પ્રકારો સહિત સમજાવો.

22. State different teaching strategies applicable in case of mentally retarded children.
મનોમંદતાવાળા બાળકો માટે ઉપયુક્ત એવી વિવિધ અધ્યાપન પ્રયુક્તિઓ જણાવો.

23. What are the problems of creative children ? Suggest programmes in order to overcome these problems.
સર્જનાત્મક બાળકોની સમસ્યાઓ કઈ છે ? આ સમસ્યાઓના ઉકેલ માટેના કાર્યક્રમો સૂચવો.

24. Name the prominent learning disabilities. Explain the meaning of any *one* of them and suggest ways to help the children having that learning disability.
મુખ્ય અધ્યયન અક્ષમતાઓ દર્શાવો. તેમાંથી કોઈ એક ને વિગતવાર વર્ણવો અને અધ્યયન અક્ષમતાવાળા બાળકોને મદદ કરવા માટેના માર્ગો દર્શાવો.

25. Suggest one rehabilitation programme for juvenile delinquent child having a social habits in the school.
શાળામાં અસામાજિક આદતવાળા બાળગુનેગારોના પુનઃવસન માટેનો એક કાર્યક્રમ સૂચવો.

**Elective V**

21. Discuss Kothari Commission's recommendations vis-a-vis teacher education.
શિક્ષક શિક્ષણના સંદર્ભમાં કોઠારી કમિશનના સૂચનોની ચર્ચા કરો.

22. Examine the role of distance education in faculty improvement.
શિક્ષકોના વિકાસમાં દૂરવર્તી શિક્ષણની ભૂમિકાને ચકાસો.

23. What are the aims and objectives of pre-service teacher education at secondary school level ?
માધ્યમિક શાળા કક્ષાએ પૂર્વ સેવાકાલિન શિક્ષક શિક્ષણના ધ્યેયો અને હેતુઓ શું છે ?

24. Examine the NPE in terms of teacher education, and discuss the steps taken by the Government of India towards its implementation.
શિક્ષક શિક્ષણના સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ચકાસો અને ભારત સરકાર દ્વારા તેના અમલીકરણ માટે લેવામાં આવેલા પગલાંની ચર્ચા કરો.

25. In what ways do professional organizations of teachers contribute to the improvement of quality of education ?
શિક્ષકોના વ્યવસાયિક સંગઠનો શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કઈ રીતે લાભદાયી છે ?